ADFACTORS PR
Knowledge-driven communications

| Published Date: | 16 Aug 2018 | Publication: | Surya Kaal (Gujarati) |
|---|---|---|---|
| Edition: | Ahmedabad | Page No: | 6 |
| MAV/CCM: | 7953/12.05 | Circulation: | 52000 |

# TCS IT ક્વિઝ ૨૦૧૮ની એડિશનમાં સેન્ટ કબીર સ્કૂલનાં નિહાર શાહ અને ભવ્ય રાણીંગા વિજેતા થયાં

અમદાવાદ, ગુરુવાર

95 શાળાઓના 1100થી વધુ વિદ્યાર્થીઓએ TCS IT વિઝ અમદાવાદમાં ભાગ લીધો હતો. TCS IT વિઝ ભારતની અગ્રણી IT સર્વિસીસ, કન્સલ્ટિંગ અને બિઝનેસ સોલ્યુશન્સ દાન કરતી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) દ્વારા આયોજિત દેશની સૌથી મોટી ઈન્ટર-સ્કૂલ ક્વિઝ છે. આ ક્વિઝ 10 ઓગસ્ટ, 2018ને શુક્રવારનાં રોજ પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, રાજપથ ક્લબ પાછળ, એસ જી હાઈવે, બોડકદેવ, અમદાવાદ ખાતે યોજાઈ હતી. લગભગ 15% જેટલી શાળાઓ 200 કિ.મી. જેટલો વાસ ખેડી અમદાવાદ ખાસ આ સ્પર્ધામાં ભાગ લેવા આવ્યા હતા. બહારથી આવેલી ટીમોમાં આણંદ, અમરેલી, ભાવનગર, ગાંધીનગર, માણસા, મેહસાણા, નડિયાદ, નવસારી, રાજકોટ, સુરત, તાપી, વલસાડ અને વડોદરા જેવા શહેરોમાંથી આ વર્ષે TCS IT વિઝ માં ભાગ લેવા આવેલ હતા. આ વર્ષની ક્વિઝમાં લગભગ 28% કન્યાઓએ ભાગ લીધો હતો જે સંખ્યા ગયા વર્ષે 25% હતી.

ટેકનોલોજી કૌશલ્યની સક્ષમતાનાં વધી રહેલાં મહત્ત્વ વિશે જાગૃતિ લાવવાનો ઉદેશ ધરાવતી આ કન્ટેસ્ટ વાર્ષિક નોલેજ પહેલ છે, જેમાં ધોરણ 8થી ધોરણ 12માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દરેક શાળાને બે સભ્યો ધરાવતી એકથી વધારે ટીમો મોકલવાની છૂટ હતી. ક્વિઝમાં સામેલ થવા માટે કોઈ એન્ટ્રી ફી નહોતી.

ચાલુ વર્ષે TCS IT વિઝમાં ટેકનોલોજીનાં વિવિધ વાહનો સમન્વય કરવામાં આવ્યો હતો તથા દર્શકો અને ટીમોને જકડી રાખે એવા રસદ એનિમેશનનો ઉપયોગ કરીને વિકસાવેલ ગેમિફિકેશનનાં વિવિધ રાઉન્ડ મારફતે ક્વિઝ યોજાઈ હતી. ક્વિઝમાં 5 રાઉન્ડ હતાં – માસ પર્સનલાઈઝેશન, લીવરેજિંગ ઈકોસિસ્ટમ (ઈકોસિસ્ટમનો ઉપયોગ), ક્રિએટ એક્સપોનેન્શિયલ વેલ્યુ (સંભવિત મૂલ્ય મેળવવું) અને એમ્બ્રાસિંગ રિસ્ક (જોખમ ખેડવાની સાહસિક વૃત્તિ). ઉપરાંત tcs@50 નામનો એક્સક્લૂઝિવ રાઉન્ડ પણ યોજાયો હતો. ક્વિઝ પ્લેટફોર્મમાં ટેકનોલોજીનાં વિવિધ વાહોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેનો દુનિયાભરમાં અત્યારે વ્યાપક રીતે ઉપયોગ થાય છે. લેખિત પ્રિલિમિનરી રાઉન્ડમાં પસંદ થયેલી ટોચની છ ટીમો રિજનલ ફાઈનલમાં પ્રવેશી હતી.